૨૦૨૦-૨૧

પોરબંદર

Amul

The Taste of India




# ૯ મો વાર્ષિક અહેવાલ

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

# સુદામા ડેરી- પોરબંદર

રજી.નં. : નઘણ/પી.બી.આર યુનિયન (દૂધ) ૪૧૪૭૭/૨૦૧૩ તા.૨૬-૪-૨૦૧૩

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

સુદામા ડેરી- પોરબંદર

પ્લોટ નં. ૨૭૭, સુદામા ડેરી રોડ, જી.આઇ.ડી.સી, ઓદ્યોગિક વિસ્તાર, પોરબંદર - ૩૬૦ ૫૭૭.
(ગુજરાત) ફોન નંબર : (૦૨૮૬) ૨૨૨૨૩૧૪
email : info@sudamadairy.com

# ૯ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.પોરબંદરની વર્ષ ૨૦૨૦-૨૧ ની વાર્ષિક સાધારણ સભા નીચે મુજબની કાર્યસુચિ માટે ૦૮/૦૯/૨૦૨૧ ના બુધવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સ્થળ : હોટલ લોડસ, પોરબંદર ખાતે મળનાર છે. તેમાં આપશ્રી ઉપસ્થિતિ રહેશો તેવી વિનંતી છે.

:: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી રાખવા બાબત.
૨. તા. ૩૧ મી માર્ચ ૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનો અહેવાલ તથા વેપારખાતું સરવૈયુ તેમજ તા. ૩૧ માર્ચ-૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષનું નફા નુકશાન ખાતું મંજૂર કરવા બાબત.
૩. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે નફાની ફાળવણી મંજૂર કરવા બાબત.
૪. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન બજેટ ઉપરાંત થયેલ વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.
૫. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટેના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.
૬. પેટા નિયમની મર્યાદામાં રહીને બહારનું કરજ કરવાની સત્તા નક્કિ કરવા બાબત.
૭. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટેના ઓડીટ દુરસ્તી અહેવાલને મંજૂર કરવા બાબત.
૮. પેટા નિયમમાં મંજૂર થયેલ સુધારાની નોંધ લેવા બાબત.
૯. પેટા નિયમમાં સુધારા કરવા બાબત.
૧૦. વહિવટી મુદાઓ.
(૧) કર્મચારી બોનસ/એકસગ્રેસીયા બાબત.
(૨) સ્ટાફ માળખા બાબત
(૩) ચેરમેનશ્રી/મેનેજીંગ ડિરેકટરશ્રીના ડેલિગેશન ઓફ પાવર્સ બાબત.
(૪) સ્ટેચ્યુટરી/ઇન્ટરનલ ઓડીટની નિમણુંક ફી બાબત.
૧૧. સંઘ દ્વારા હાથ ધરવાના ભાવી કાર્યક્રમ બાબત.
૧૨. અધ્યક્ષ સ્થાનેથી પેટા કાયદાની હદમાં રહિને રજૂ થાય તે કામોની ચર્ચા વિચારણા કરવા બાબત.

મુ. : પોરબંદર
તા. ૨૦/૦૮/૨૦૨૧

(નિયામક મંડળના આદેશથી)
મેનેજીંગ ડિરેકટર
(ડો.ભરત પુછડીયા)

નકલ રવાના :-
૧. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પોરબંદર
૨. એમ.ડી.શ્રી, જી.સી.એમ.એમ.એફ.લી આણંદ
૩. ચેરમેનશ્રી, બોર્ડ ઓફ ડિરેકટરશ્રી તથા સભ્ય મંડળીઓ
૪. સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક) રાજકોટ
૫. સંઘના નોટીસ બોર્ડ તથા ફાઇલે

નોંધ :- કોરમના અભાવે મુલત્વી રહેલ વાર્ષિક સાધારણ સભા તે જ દિવસે તે જ સ્થળે અડધો કલાક બાદ હાજર રહેલા સભ્યોનું

# નિયામક મંડળ : ૨૦૨૦-૨૧



**શ્રી ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા**

ચેરમેનશ્રી
શ્રી ઈશ્વરીયા દૂધ ઉત્પા. સહ. મંડળી લી. મુ. ઈશ્વરીયા



**શ્રી ભરતભાઈ ભીમાભાઈ બોખીરીયા**

વા.ચેરમેનશ્રી
શ્રી બોખીરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી. મુ. બોખીરા



**શ્રીમતિ રાંભીબેન બાલુભાઈ મકવાણા**

ડીરેકટરશ્રી
શ્રી રાણા વડવાળા(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. રાણા વડવાળા



**શ્રી વિરમભાઈ દુદાભાઈ કારાવદરા**

ડીરેકટરશ્રી
શ્રી સીમર દૂધ ઉત્પા. સહ. મંડળી લી. મુ. સીમર



**શ્રીમતિ લતાબેન સંદિપભાઈ ભુવા**

ડીરેકટરશ્રી
શ્રી મધુવન(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. માધવપુર



**શ્રી નાગાભાઈ માત્રાભાઈ ઓડેદરા**

ડીરેકટરશ્રી
શ્રી ભાવપરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ભાવપરા



**શ્રીમતિ લીરીબેન અરજનભાઈ ઓડેદરા**

ડીરેકટરશ્રી
શ્રી ગાત્રાળ(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ઘરસણ



**શ્રી અરજનભાઈ પુંજાભાઈ ભુતિયા**

ડીરેકટરશ્રી
શ્રી દેરોદર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. દેરોદર



**શ્રી પ્રકાશભાઈ ભીખુભાઈ પંડિત**

ડીરેકટરશ્રી
શ્રી આદિત્યાણા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. આદિત્યાણા



**શ્રી ભાવેશ ધોળકીયા**

પ્રતિનીધીશ્રી
જી.સી.એમ.એમ.એફ. લી.આણંદ


**શ્રી ડો. ભરત પુછડીયા**

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી

**શ્રી જય શાહ**

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

# સુદામા ડેરી- પોરબંદર



## શ્રી ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા

ચેરમેનશ્રી

વ્હાલા પ્રમુખશ્રીઓ, સભાસદ ભાઇઓ અને બહેનો આપ સૌ સભાસદ ભાઇઓ અને બહેનોને આપણા દૂધ સંઘની ૯મી વાર્ષિક સાધારણ સભામાં આવકારતા અત્યંત ગર્વની લાગણી અનુભવું છું.

વ્હાલા ભાઇઓ તથા બહેનો, તમે કલ્પના નહિ કરી શકો કે. ડેરી વિકાસની પ્રવૃતિઓ સાથે સંકળાયેલ તમામ કક્ષાના લોકો દ્વારા મળેલ સાથ સહકાર ત્યાગ અને પરિશ્રમતા ના કારણે આજ આપણે ૭૦૩ કાર્યરત દૂધ મંડળીઓ અને ૪૦૭૬૧ જેટલા દૂધ ઉત્પાદક સભાસદો મારફતે ૨૫૮૧૧૩ કિલો દૂધ સંપાદન પ્રતિદિવસની સરેરાશે પહોચ્યા છીએ.

પોરબંદર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સુદામા ડેરી) ની વર્ષ ૨૦૧૩ માં સ્થાપના થયેલ છે. જે ખુબજ ટુંકા સમયગાળામાં એક વટવૃક્ષ બની પોરબંદર જીલ્લાની જનતાની જીવાદોરી સમાન બની રહ્યુ છે.

ગ્રામીણ વિસ્તારોમાં રાષ્ટ્રીય બેંકો અને સહકારી બેંકના ખાતા ઉપર પુરતુ ધ્યાન, નાણાકીય સહાય, યોગ્ય સલામત રક્ષકો સાથેની સગવડો પર્યાપ્ત થાય તે ખુબજ જરૂરી છે. વર્ષ દરમ્યાન કાર્યરત દૂધ મંડળીઓમાં તાંત્રિક સેવાનો ઉપયોગનો વ્યાપ વધેલ છે. જેમાં ગાય અને ભેંસ માટે ઘર પશુ સારવાર સેવા, સારી ઓલાદના પશુઓ પેદા થાય અને દૂધ ઉત્પાદન માં વધારો થાય તે માટે કૃત્રિમ બીજદાન યોજના, સામુહિક કૃમિનીવારણ તેમજ પશુઓનું રસીકરણ જેવી પ્રવૃતિમાં વધારો કરેલ છે. તેમજ દૂધ ઉત્પાદકોની સ્વીકૃતિ ઉપર અને સારી ગુણવત્તાવાળો પશુ આહાર મળે તે માટે અમુલ દાણનું વેચાણ કરવામાં આવેલ છે.


આપણા પશુપાલકો દ્વારા પુરતી વ્યવસ્થા, પશુઆહાર, પશુ રોગ નિયંત્રણ, પશુ સવર્ધન તેમજ વિશિષ્ટ પ્રકારની પશુની માવજત કરવાથી પશુપાલતના ધંધામાં દૂધ નું ઉત્પાદન વધારવા અને ટકાવી રાખવા ખૂબજ મદદરૂપ થાય છે. વિમુદ્રિકરણના નિર્ણય ને કારણે હવે ખરો સમય આવી ગયેલ છે. કે દૂધ ઉત્પાદકોના બેંક એકાઉન્ટ ખોલવામાં હજુ વધુ રસ દાખવવો જરૂરી છે. જે દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં લાભ કરતા બનશે.


ટૂંકમાં પશુદીઠ દૂધ ઉત્પાદનમાં વધારો તેમજ નવો કાર્યરત થયેલ ૨.૦૦ લાખ લીટર પ્રતિદિવસની ક્ષમતાવાળા આધુનિક પેકીંગ પ્લાન્ટ થી પોરબંદર દૂધ સંઘ (સુદામા ડેરીની) આવકમાં વધારો થશે, અને સાથો સાથ દૂધ ઉત્પાદકો અને પશુપાલકોની આવકમાં વધારો થશે.

ચાલો આપણે એક નવા અભિગમ સાથે તમોને મારી વિનંતી અને સલાહ છે કે ગ્રામ્ય વિસ્તાર માં દૂધ અને દૂધ ની બનાવટોની વેચાણ માટે વ્યવસ્થા ઉભી કરીને પોરબંદર દૂધ સંઘના પ્રચારક બની આપણા વિસ્તારના ખેડૂતોના વિકાસમાં ભાગીદાર બનીએ.

## :: દૂધ સંપાદન ::

વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૯૫૪ કાર્યરત મંડળીઓના સભાસદો મારફતે કુલ લાખ (પ્રતિદિન સરેરાશ ૨૬૯૧૨૫) દૂધ સંપાદન થયેલ છે. જે કાર્યરત મંડળી દીઠ ૧૦૨૯૬૭ કિલોની સરેરાશ દર્શાવે છે.





## દૂધ સંપાદનમાં નો-મિલ્ક હોલી ડે

કોરોના મહામારી અને લોકડાઉન ના સમયમાં પ્રાઈવેટ અને અન્ય સંસ્થાઓ દ્વારા દૂધની ખરીદી બંધ કરવામાં આવી હતી કે મિલ્ક હોલી-ડે આપવામાં આવ્યા હતા આ સમયે પણ આપણા દૂધ સંઘ દ્વારા દૂધની ખરીદી સતત ચાલુ રાખી એક પણ દિવસ પશુપાલકોનું દૂધ લેવાનું બંધ રાખવામાં આવેલ નથી. આપણી આ જ કાર્યક્ષમતા જાળવી રાખી પશુપાલકો સુધી તેનો મહત્તમ લાભ મળે તેનું સતત ધ્યાન રાખી રહયા છીએ.

## દૂધ ભરતા ગ્રાહકો :-

વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૪૮૬૧૫ દૂધ ભરતા ગ્રાહક રહેલ છે. જે ગત વર્ષ ૨૦૧૯-૨૦ ૪૦૭૬૧ હતા કોરોના ની મહામારી ના કારણે પ્રાયવેટ દૂધ સંપાદન બંદ થતા નવા પશુપાલકો સંઘ સાથે જોડાયેલ છે. આ પશુપાલકો કાયમી માટે સંઘ સાથે જોડાયેલ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સાથે સાથે પોરબંદર, દેવભુમી દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં વધુ ને વધુ પશુપાલકો આપણી સાથે જોડાય રહયા છે. તેમજ હજી પણ દૂધ ભરતા ગ્રાહકો સતત અને નિયમિત દૂધ મંડળી દૂધ ભરતા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જેથી દૂધ મંડળીમાં દૂધ એકત્રીકરણ જળવાય રહે.

## દૂધ ખરીદભાવ :-




દૂધનો ખરીદ ભાવ ઘણા બધા પાસાઓ ઉપર આધારીત છે. તેમ છતાં આપણા પોરબંદર દૂધ સંઘનો પેકીગ અને પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત થતા દૂધના પાઉચમાં વેચાણ દ્વારા નફાનું પ્રમાણ વધુ રહેતું હોઇ તેનો સિધો લાભ આપણા દૂધ સંઘ સાથે જોડાયેલ પશુપાલકો ને થયેલ છે. ગત વર્ષ ૨૦૧૯-૨૦ માં દૂધ ખરીદ ભાવ રૂા. ૬૬૯/- પ્રતિ કિલો ફેટ ચૂકવાયેલ હતા જેની સામે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માં સરેરાશ

## દૂધની ગુણવતા અને સ્વચ્છ દૂધ ઉત્પાદન :-

તમામ ખાદ્ય પદાર્થોમાં સારી ગુણવત્તાનું મહત્વ હોઈ છે. પણ દૂધની ગુણવત્તામાં ધ્યાન આપવું પડે કારણ કે દૂધ નો ઉપયોગ નાના બાળકો, બીમાર વૃધ્ધ વ્યકિતઓ વધારે કરતા હોય છે. દૂધની ગુણવત્તા મુખ્ય આધાર ગાય/ભેંસના આંચળ થી શરૂઆત થાય છે. ચોખ્ખા દૂધનું ઉત્પાદન ખેડૂત અને દૂધ ઉત્પાદક ઉપર આધારિત છે. આપણે જાણીએ છીએ કે દરેક પ્રકારની દૂધ અને દૂધની બનાવટોનો મુખ્ય આધાર દૂધની ગુણવત્તા ઉપર રહેલો છે. અને ગ્રાહક દરેક દૂધ અને દૂધની બનાવટોની ખરીદી તેની ઉપલબ્ધતા, તેણી ગુણવત્તા અને તેના ભાવ ઉપર આધારિત છે.

સ્વચ્છ દૂધ ઉત્પાદનના અસરકારક પરિબળો નીચે મુજબ છે.

- ગાય અને ભેંસના ભાવ અને આંચળની તંદુરસ્તી
- આસપાસનું વાતાવરણ અને રહેણાક ની સ્વચ્છતા
- દૂધ દોહન કરનારની તંદુરસ્તી અને દોહન પધ્ધતિ
- દૂધ દોહવામાં વાપરવામાં આવતા વાસણોની સ્વચ્છતા
- પશુપાલકોની સ્વચ્છ દૂધ ઉત્પાદન પ્રત્યેની જાગ્રૃતિ

સ્વચ્છ દૂધ ઉત્પાદન બાદ તેની ગુણવત્તા જાળવવા માટે દૂધને જલ્દી ઠંડુ કરવું. જલ્દીથી દૂધ મંડળીઓ પર પહોચાડવું અને તેનું પ્રોસેસીગ કરવું આ માટે પોરબંદર દૂધ સંઘ દ્રારા દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જુદી જુદી યોજના હેઠળ જુદી જુદી કેપેસીટીવાળા બી.એમ.સી. જે તે સેન્ટર પર શરૂ કરેલ છે.

## કૃત્રિમ બીજદાન :-

દૂધ ઉત્પાદન ટકાવવા અને વધારવા માટે કૃત્રિમ બીજદાન એ પાયાની જરૂરીયાત છે. કૃત્રિમ બીજદાનની સફળતાનો આધાર ખેડૂત દ્રારા રાખવામાં આવતી સારી માવજત, સંતુલિત ખાણદાણ અને રોગ નિયંત્રણ પર છે. કૃત્રિમ બીજદાનની સફળતા માટે સીમેન ડોઝની ગુણવત્તા તેનું હેન્ડલીંગ બીજદાનનો સમય, યોગ્ય જગ્યાએ બીજનું પ્રત્યારોપણ એ બધી બાબતો પર રહેલો છે. વધુમાં પશુપાલકોની જાગ્રૃતતા અને બીજદાન વર્કરતી કુશળતા પણ જરૂરી છે. પોરબંદર દૂધ સંઘ દ્રારા વર્ષ ૨૦૧૫-૧૬ થી કૃત્રિમ બીજદાન પ્રવૃતિની શરૂઆત કરવામાં આવેલ છે. ત્યાથી લઇને અત્યાર સુધી કુલ ૪૦ કૃત્રિમ બીજદાન કેન્દ્રો ની સ્થાપના કરેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં ગીર ગાયમાં કુલ ૧૯૮૨ શંકર ગાયમાં કુલ ૫૮૮ અને ભેંસમાં કુલ ૪૧૦૩ એમ કુલ મળીને ૬૬૭૩ બીજદાન કરવામાં આવેલ છે. તદઉપરાંત કૃત્રિમ બીજદાન દ્રારા ઓલાદ સુધારણા, બે વિયાણ વચ્ચેનો ગાળો ઘટાડી અને પ્રથમ વિયાણની ઉમર ઘટાડી ખેડૂતની આવકમાં વધારો કરવામાં આવેલ છે.

## પશુ આહાર :-

આપ સૌ જાણો છો કે ખેડૂતો દ્વારા ગાયો અને ભેંસોને ઓછી માત્રમાં નબળી ગુણવત્તાવાળુ ખાણદાણ આપવાથી તેનું દૂધ ઉત્પાદન અને શારીરિક વિકાસ રૂંધાય છે. ખોરાકની જરૂરીયાત મુજબ જુદા જુદા પ્રકારના અમુલ દાણ પશુઆહારનો ઉપયોગ કરી શકાય છે અને ઉણપ પણ ઘટાડી શકાય છે. બીજા તાંત્રિક કાર્યક્રમોની જેમ જ અમુલદાણ માટે જાગૃતતા કાર્યક્રમથી તેના ખુબજ મોટા ફાયદા મેળવી શકાય છે. આ માટે મંડળીઓનો વ્યાપ અને રસ ધરાવતા ખેડૂતોની સંખ્યામાં વધારો જોવા મળેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૮૫૮.૫૫ ટન દાણનું વેચાણ થયેલ છે.


## સભાસદ જૂથ વીમા યોજના :-


વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શ્રી પોરબંદર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સુદામા ડેરી) દ્વારા દૂધ ભરતા સભાસદો તેમજ સભાસદોના કુટુંબના સભ્યોના આકસ્મીક વીમો લેવામાં આવેલ છે. સભાસદ જૂથ વીમા યોજના અંતર્ગત કુલ ૧૧૫૬૩ ખેડૂતોનો વીમો લેવામાં આવેલ છે. આ વીમા યોજનાનાં પ્રીમીયમની ટોટલ રકમ દૂધ સંઘ દ્વારા ભોગવવામાં આવેલ છે.

## ચાફકટર સહાય યોજના :-

ચાફકટરનો ઉપયોગ કરવાથી બહુજ કીમતી ઘાસચારનો બગાડ અટકાવી શકાય છે. ચાફકટરના ઉપયોગથી ઘાસચારાના નાના ટુકડા થતા હોવાથી પશુ બધો ચારો ખાઈ શકે છે. અને પશુની પાચન શકિત પણ સારી બને છે. ચાફકટરનો ઉપયોગ કરી લીલા તથા સુકા ચારાના ટુકડા મિકસ કરી શકાય છે. ચાફકટર થી લીલા ચારાને કાપીને સાયલેજ બનાવવામાં આવે તો જ્યારે લીલો ચારો પ્રાપ્ત ન હોય ત્યારે સાયલેજમાંથી ચારો ખવડાવવાથી બારે માસ લીલો ચારો મળી રહે છે જેથી દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરી શકાય છે.

ચાફકટર સહાય યોજનામાં લાભ લેવા માટે પશુપાલકને ગુજરાત રાજયના કૃષિ અને સહકાર વિભાગના આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની હોય છે. ચાફકટર સહાય યોજનામાં કુલ ખર્ચના ૭૫% અથવા રૂા. ૧૫૦૦૦/- આ બે માંથી જે ઓછી હોય તે રકમ સરકારશ્રીના ધારાધોરણ મુજબ સહાય મળવા પાત્ર હોય છે. આપણા જિલ્લામાં વધુમાં વધુ પશુપાલકો આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી લાભ લે એ દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરવા માટે ખુબ લાભદાયી છે. આ માટે જરૂરી સહકાર દૂધ સંઘના સહકાર વિભાગ તરફથી મળી રહેશે.



## પશુ સારવાર સેવા :-

સુદામા ડેરી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ થી સભાસદોને ઘરે બેઠા પશુસારવાર સેવાની શરૂઆત કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૧૭૩૮૫ પશુઓની સારવાર કરવામાં આવેલ છે. આ થકી વર્ષ દરમ્યાન પોરબંદર જીલ્લાના વિવિધ ગામડાઓમાં સ્પેશ્યલ વિઝીટ દ્વારા રાહત દરે પશુસારવાર કરી દૂધ ભરાવતા સભાસદોને આર્થિક રીતે સહાય તેમજ સગવડ પૂરી પાડેલ છે.





## રસીકરણ :-

આ તાંત્રિક સેવા ખુબજ મહત્વની છે. અને ખેડૂતોમાં ખુબજ લોકપ્રિય છે. વર્ષમાં બે વખત આ સેવા આપવામાં આવે છે. જેની ખેડૂતોને જાણ હોવાથી તે આતુરતાથી રાહ જોવે છે. ગાય અને ભેંસ માંથી આર્થિક પોષણક્ષમ વળતર માટે રસીકરણ કરાવવું ખુકજ અગત્યનું છે. રસીકરણ ન કરાવવાથી આર્થિક નુકશાની સાથે પશુનું મૃત્યુ પણ થઇ શકે છે. એટલે ખરવા મોવાસાનું રસીકરણ વર્ષમાં બે વખત કરવામાં આવે છે. ખરવા મોવસા રોગથી પશુઓની તંદુરસ્તી જોખમાય છે. ફળદ્રુપતામાં તકલીફ થાય છે. અને ગર્ભપાત જેવી સમસ્યા પેદાથાય છે. મોટા વિસ્તારમાં ખેડૂતોમાં જાગૃતિ અને સેવાની પ્રાપ્તિથી પશુપાલકોને સારા પરિણામો મળે છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૫૬૮૩૦ પશુઓમાં રસીકરણ કરવામાં આવેલ છે.

# આભાર દર્શન

આજની સાધારણ સભા પ્રસંગે મારા નિવેદનનું સમાપન કરતા પહેલા સુદામા ડેરીના વિકાસ યાત્રામાં સહભાગી બનેલા તમામના સહકાર, સેવા અને માર્ગદર્શનની નોંધ લેતા આનંદની લાગણી અનુભવુ છું.

આપણા દેશના લોકલાડીલા પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ, કેન્દ્ર સરકાર ના માનનીય મંત્રીશ્રીઓ, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાંઇ પટેલ સાહબ નો આપણા કાર્યક્ષેત્રના દૂધ ઉત્પાદકોની સામાજીક અને આર્થિક ઉન્નાતિ માટે વિવિધ યોજનાઓના અમલીકરણ માટે આપેલ સહયોગ અને માર્ગદર્શન બદલ સુદામા ડેરીના પરિવાર વતી અતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આપણા સરકારશ્રીના કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર મંત્રી શ્રી આ.સી.ફળદુ, સહકાર મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ, પશુપાલન મંત્રી શ્રી કુંવરજી બાવળીયા તથા રાજ્ય સરકારશ્રીના મંત્રીમંડળના તમામ મંત્રીશ્રીઓનો ડેરી વિકાસ પ્રવૃતિ ને વેગ આપવા બદલ આભાર વ્યકત કરૂ છું.

પોરબંદરના ધારાસભ્યશ્રી માનનીય બાબુભાઇ બોખીરીયા સાહેબ તરફથી પોરબંદર સંઘના વિકાસ માટે અમોને સતત માર્ગદર્શન અને સહયોગ મળતો રહે છે. તે બદલ અતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ગુજરાત રાજયના રજીસ્ટ્રરશ્રી, સહકારી મંડળીઓ માનનીય શ્રી ડી.પી. દેસાઇ સાહેબ મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી (નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ) ગુજરાત રાજ્ય અમદાવાદ, જિલ્લા રજીસ્ટ્રરશ્રી સહકારી મંડળીઓ પોરબંદર શ્રી જય શાહ અને સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક), રાજકોટ તરફથી વખતો વખત મળતા માર્ગદર્શન તથા સલાહ સૂચનો માટે પોરબંદર દૂધ સંઘ તેમનો આભાર માને છે.

ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદના ચેરમેનશ્રી, મેનેજીંગ ડીરેકટરશ્રી, નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તથા તમામ અધિકારીશ્રીઓ દ્રારા મળેલ તકનીકી અને નાણાકીય માર્ગદર્શન બદલ આભાર વ્યકત કરૂ છું.


નિયામક મંડળે મંજૂર કરેલ અને વૈધાનિક ઓડીટરશ્રી દ્રારા પ્રમાણીત થયેલ વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબો,અહેવાલ તથા વર્ષ દરમિયાન થયેલ વિવિધ કામગીરી આ અહેવાલમાં આપની સમક્ષ પ્રસ્તૃત કરતા હર્ષની લાગણી અનુભવુ છું.

સંઘના કામકાજમાં નિયામક મંડળના મારા સાથી સભ્યોનો તેમના સહકાર બદલ ઋણી છું. દૂધ સંઘ સાથે સંયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, સંચાલકો તેમજ આપણા દૂધ સંઘના વિકાસયાત્રાના આધાર સ્તંભ એવા આપણા પશુપાલક ભાઇ બહેનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

આપણા દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી તથા દૂધ સંઘના તમામ કર્મચારીઓનો પોરબંદર દૂધ સંઘના વિકાસ બદલ સૌને અભિનંદન આપું છું.

આજના મારા આ વકતવ્ય નું સમાપન કરતા પહેલા સંગઠન, સેવા, સહકાર, ધ્યેય અને નિષ્ઠા ને ધ્યાનમાં રાખી આપણી સુદ ડેરીની વિકાસ યાત્રા આગળ વધતી રહે અને આવનાર વર્ષોમાં પ્રગતિના અનેક સોપાનો સર કરે અને તેના દ્રારા સૌનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવી અપેક્ષા સાથે વિરામ લવું છે. જય સહકાર જય ભારત

આપ સૌનો
ચેરમેનશ્રી
(ભરતભાઇ ઓડેદરા)




# The Flavours Of Porbandar

## શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

શુધ્ધ ઘી અને
શુધ્ધ શીગ તેલ
થી બનેલી ખાજલી

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક ™ સંઘ લિમીટેડ

સુદામા ડેરી

પોરબંદર

સુદામા ડેરી
પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
પોરબંદર

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદર

## તા. ૩૧-૦૩-૨૦૨૧ ના રોજનું પાકું સરવૈયું

| વર્ષ ૨૦૧૯-૨૦ | ફંડ તથા દેવા | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| રકમ રૂા. | | રકમ રૂા. |
| ૩૧,૦૦૦.૦૦ | સતાવાર શેરભંડોળ | ૪૦,૦૦૦.૦૦ |
| ૧૦,૮૮,૧૯,૪૪૭.૦૦ | ગ્રાન્ટ | ૧૧,૦૧,૧૯,૪૪૫.૦૦ |
| ૪,૫૨,૦૨,૧૮૬.૦૦ | રીઝર્વફંડ તથા અન્ય ફંડ | ૪,૮૪,૮૧,૫૩૭.૦૦ |
| ૭૫,૮૮,૮૫,૧૫૪.૦૦ | સિક્યોર્ડ લોન | ૫૯,૧૯,૮૩,૩૬૦.૦૦ |
| ૬,૬૦,૧૪,૫૭૬.૦૦ | ડીપોઝીટ (જવાબદારી) | ૮,૫૭,૦૪,૪૨૭.૦૦ |
| ૧૦,૦૦,૦૦૦.૦૦ | ચાલુ જોગવાઈ | ૬૭,૮૭,૪૧૧.૦૦ |
| ૨૦,૧૮,૪૬,૧૮૫.૦૦ | ચાલુદેવાં | ૩૬,૬૨,૯૮,૮૨૪.૦૦ |
| ૧૫,૦૨,૬૯,૮૭૯.૦૦ | ઘસારા ફંડ | ૨૨,૬૫,૯૮,૮૨૪.૦૦ |
| ૩૨,૭૯,૨૫૦.૦૦ | ચોખ્ખો નફો | ૪૧,૮૭,૪૦૩.૦૦ |
| ૧,૩૩,૫૩,૪૭,૬૭૭.૦૦ | કુલ સરવાળો | ૧,૪૪,૦૧,૯૯,૮૬૯.૦૦ |

**નોંધઃ તારીખ.૧૩-૦૮-૨૦૨૧ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નંબર.૧૫ થી મંજુર થયેલ છે.**

અમારા સામાન્ય શેરાને આધીન

**એમ.એસ.લોખંડે**
સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) વર્ગ-૧
મિલ્ક ઓડીટ ઓફીસ,
મહેસાણા

**એચ.જે.રૈયાણી એન્ડ કંપની**
(પેઢી નં.૧૨૪૯૬૩ W)
ચાટર્ડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મેમ્બરશીપ નંબર ૧૧૬ ૬૨૦

**શ્રી ભરતભાઈ ઓડેદરા**
ચેરમેન

**ડો. ભરત પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડારેક્ટર

**રવિ જોષી**
ડે.મેનેજર
(એકાઉન્ટન્સ એન્ડ ફાયનાન્સ)

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
સુદામા ડેરી
પોરબંદર

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદર

## તા. ૩૧-૦૩-૨૦૨૧ ના રોજનું પાકું સરવૈયું

| વર્ષ ૨૦૧૯-૨૦ | મિલ્કત તથા લેણાં | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| રકમ રૂ. | | રકમ રૂ. |
| ૯૦,૧૭,૭૦,૫૩૦.૦૦ | મિલ્કતો | ૯૧,૬૫,૧૨,૫૯૨.૦૦ |
| ૨,૧૨,૬૩,૨૩૭.૦૦ | રોકાણો | ૩,૦૯,૦૫,૩૩૦.૦૦ |
| ૪,૨૪,૨૨,૧૬૩.૦૦ | સ્ટોક | ૪,૮૬,૭૮,૬૯૧.૦૦ |
| ૨૩,૦૬,૩૬૧.૦૦ | લોન, એડવાન્સ અને ડીપોઝીટ | ૩૫,૩૧,૪૭૯.૦૦ |
| ૩૧,૮૬,૫૪,૮૬૯.૦૦ | વ્યાપરી લેણા | ૩૩,૨૦,૯૩,૧૭૬.૦૦ |
| ૪,૮૯,૩૦,૫૧૭.૦૦ | કેશ/બેન્ક | ૧૦,૮૪,૭૮,૬૦૧.૦૦ |
| ૧,૩૩,૫૩,૪૭,૬૭૭.૦૦ | કુલ સરવાળો | ૧,૪૪,૦૧,૯૯,૮૬૯.૦૦ |

શ્રી ભરતભાઇ ભીમાભાઇ બોખીરીયા વા. ચેરમેનશ્રી

શ્રી વિરમભાઇ દુદાભાઇ કારાવદરા ડિરેક્ટરશ્રી

શ્રી નાગાભાઇ માત્રાભાઇ ઓડેદરા ડિરેક્ટરશ્રી

શ્રી અરજનભાઇ પુંજાભાઇ ભુતિયા ડિરેક્ટરશ્રી

શ્રી પ્રકાશભાઇ ભીખુભાઇ પંડિત ડિરેક્ટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બાલુભાઇ મકવાણા ડિરેક્ટરશ્રી

શ્રીમતિ લતાબેન સંદિપભાઇ ભુવા ડિરેક્ટરશ્રી

શ્રીમતિ લીરીબેન અરજનભાઇ ઓડેદરા ડિરેક્ટરશ્રી

સુદામા ડેરી

પોરબંદર

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદર

## તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧ ના પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| વર્ષ ૨૦૧૯-૨૦ | વિગત | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| રકમ રૂ. | | રકમ રૂ. |
| ૧,૫૧,૭૦,૨૭૬.૦૦ | ઉઘડતો સ્ટોક | ૩,૦૭,૬૯,૫૬૨.૦૦ |
| ૪,૩૭,૬૩,૨૬,૪૨૪.૦૦ | ખરીદી | ૪,૩૪,૮૭,૮૨,૫૦૯.૦૦ |
| ૧૭,૨૯,૭૦,૦૦૩.૦૦ | ખરીદ ખર્ચ | ૨૭,૬૪,૫૬,૮૭૪.૦૦ |
| ૩,૨૨,૭૭,૧૭૦.૦૦ | પાવર અને ફીચુલ | ૩,૭૨,૫૭,૦૨૫.૦૦ |
| ૫,૪૬,૬૪,૮૫૧.૦૦ | પ્રોસેસીંગ ખર્ચ | ૬,૬૪,૪૦,૧૨૧.૦૦ |
| ૧,૧૫,૨૯,૧૦૨.૦૦ | રીપેરીંગ અને મેઈન્ટનન્સ | ૧,૭૭,૪૬,૦૬૮.૦૦ |
| ૪,૨૭,૬૮,૫૪૦.૦૦ | પગાર અને સ્ટાફ સવલત ખર્ચ | ૪,૮૭,૬૪,૦૬૨.૦૦ |
| ૮,૮૨,૦૨૪.૦૦ | વિમા ખર્ચ | ૬,૩૬,૨૯૯.૦૦ |
| - | માર્કેન્ટીગ ખર્ચ | - |
| ૧૭,૯૭,૫૨૯.૦૦ | પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૨૩,૯૩,૨૦૩.૦૦ |
| ૨૬,૭૧,૫૪૩.૦૦ | પ્રવાસ અને જાહેરાત ખર્ચ | ૨૫,૩૨,૭૪૬.૦૦ |
| ૧,૦૦,૧૦,૨૦૬.૦૦ | પરચુરણ ખર્ચ | ૫૪,૪૧,૭૩૦.૦૦ |
| ૩૧,૨૧,૨૭૬.૦૦ | ઓડીટ, તેમજ અન્ય પ્રોફેશનલ ફી ખર્ચ | ૧૮,૫૬,૨૪૦.૦૦ |
| ૫,૯૫,૫૩,૨૫૩.૦૦ | વ્યાજ અને બેંક કમીશન | ૩,૧૦,૩૮,૬૫૪.૦૦ |
| ૩૪,૩૬,૫૨૧.૦૦ | સહકાર વિકાસ ખર્ચ | ૨૯,૦૦,૮૫૧.૦૦ |
| ૩૪,૭૬,૯૩૭.૦૦ | ભાડુ અને વેરા | ૩૯,૨૧,૩૦૭.૦૦ |
| ૮,૬૪,૩૪,૭૪૩.૦૦ | ઘસારા ખર્ચ | ૭,૭૨,૬૩,૦૩૫.૦૦ |
| - | ઈન્કમ ટેક્ષ | ૧૭,૫૯૬.૦૦ |
| ૪,૮૭,૭૦,૯૦,૩૯૮.૦૦ | કુલ | ૪,૯૫,૪૨,૧૭,૮૮૨.૦૦ |
| ૩૨,૭૯,૨૫૦.૦૦ | ચોખ્ખો નફો | ૪૧,૮૭,૪૦૩.૦૦ |
| ૪,૮૮,૦૩,૬૯,૬૪૮.૦૦ | કુલ સરવાળો | ૪,૯૫,૮૪,૦૫,૨૮૫.૦૦ |

નોંધઃ તારીખ.૧૩-૦૮-૨૦૨૧ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નંબર.૧૫ થી મંજુર થયેલ છે.

અમારા સામાન્ય શેરાને આધીન

એચ.જે.રૈયાણી એન્ડ કંપની
(પેઢી નં.૧૨૪૯૬૩ W)
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મેમ્બરશીપ નંબર ૧૧૬ ૬૨૦
પેનલ નંબર - ૩/૧

શ્રી ભરતભાઈ ઓડેદરા
ચેરમેન

ડો. ભરત પુછડીયા
ઈન્ચાર્જ મેનેજીંગ ડારેકટર

રવિ જોષી
ડે.મેનેજર
(એકાઉન્ટન્સ એન્ડ ફાયનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદર

## તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧ ના પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| વર્ષ ૨૦૧૯-૨૦ | વિગત | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| રકમ રૂા. | | કુલ રકમ રૂા. |
| ૪,૮૩,૮૨,૧૦,૬૦૯.૦૦ | વેચાણ | ૪,૯૧,૪૧,૩૬,૯૮૭.૦૦ |
| ૧,૧૩,૮૯,૪૭૭.૦૦ | અન્ય આવક | ૧,૨૪,૫૬,૦૩૮.૦૦ |
| ૩,૦૭,૬૯,૫૬૨.૦૦ | બંધ સ્ટોક | ૩,૧૮,૧૨,૨૬૦.૦૦ |
| ૪,૮૮,૦૩,૬૯,૬૪૮.૦૦ | કુલ સરવાળો | ૪,૯૫,૮૪,૦૫,૨૮૫.૦૦ |

શ્રી ભરતભાઇ ભીમાભાઇ બોખીરીયા વા. ચેરમેનશ્રી

શ્રી વિરમભાઇ દુદાભાઇ કારાવદરા ડિરેક્ટરશ્રી

શ્રી નાગાભાઇ માત્રાભાઇ ઓડેદરા ડિરેક્ટરશ્રી

શ્રી અરજનભાઇ પુંજાભાઇ ભુતિયા ડિરેક્ટરશ્રી

શ્રી પ્રકાશભાઇ ભીખુભાઇ પંડિત ડિરેક્ટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બાલુભાઇ મકવાણા ડિરેક્ટરશ્રી

શ્રીમતિ લતાબેન સંદિપભાઇ ભુવા ડિરેક્ટરશ્રી

શ્રીમતિ લીરીબેન અરજનભાઇ ઓડેદરા ડિરેક્ટરશ્રી

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદર

## પેટા કાયદાની જોગવાઈ મુજબ નફાની ફાળવણી

### ૨૦૨૦-૨૧

| ક્રમ | | રકમ | % |
|---|---|---|---|
| ૧ | નફાની ફાળવણી કર્યા પહેલાનો ચોખ્ખો નફો | ૪૧,૮૭,૪૦૩.૦૦ | ટકાવારી |
| ૨ | ૨૫.૧.૧.રિઝર્વ ફંડ | ૧૦,૪૬,૮૫૧ | ૨૫% |
| ૩ | ૨૫.૧.૨.શિક્ષણ ફંડ | - | ૦.૦૦% |
| ૪ | ૨૫.૧.૩.શેર ડિવીડન્ડ | - | ૦.૦૦% |
| ૫ | ૨૫.૧.૪.સભાસદ કલ્યાણ ફંડ | ૮૩,૭૪૮ | ૨% |
| ૬ | સરવાળો | ૧૧,૩૦,૫૯૯ | ૨૭.૦૦% |
| ૭ | બાકી રહેતી રકમ (૧-૬) | ૩૦,૫૬,૮૦૪ | |
| ૮ | ૨૫.૧.૫.૧. બિલ્ડીંગ ફંડ | ૨૪,૪૫,૪૪૨ | ૮૦% |
| ૯ | ૨૫.૧.૪.૨. ચેરીટી ફંડ | ૧,૫૨,૮૪૦ | ૫% |
| ૧૦ | ૨૫.૧.૪.૩. સહકાર પ્રચાર-પ્રસાર ફંડ | ૧,૫૨,૮૪૦ | ૫% |
| ૧૧ | ૨૫.૧.૪.૪. રિર્સચ અને ડેવલોપમેન્ટ ફંડ | ૧,૫૨,૮૪૧ | ૫% |
| ૧૨ | ૨૫.૧.૪.૫. ડિવીડન્ડ ઈક્વીલાયજેશન ફંડ | ૧,૫૨,૮૪૧ | ૫% |
| ૧૩ | સરવાળો | ૩૦,૫૬,૮૦૪ | ૧૦૦% |
| | **સદર કુલ સરવાળો** | **૪૧,૮૭,૪૦૩.૦૦** | |

અમારા સામાન્ય શેરાને આધીન

**એમ.એસ.લોખંડે**
સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) વર્ગ-૧
મિલ્ક ઓડીટ ઓફીસ,
મહેસાણા

**એચ.જે.રૈયાણી એન્ડ કંપની**
(પેઢી નં.૧૨૪૯૬૩ W)
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી,
હેમલ રૈયાણી
મેમ્બરશીપ નંબર ૧૧૬ ૬૨૦

**શ્રી ભરતભાઈ ઓડેદરા**
ચેરમેન

**ડો. ભરત પુછડીયા**
ઈન્ચાર્જ મેનેજીંગ ડારેક્ટર

**રવિ જોષી**
ડે.મેનેજર
(એકાઉન્ટન્સ એન્ડ ફાયનાન્સ)

## વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેનું બજેટ

| ક્રમ | ખાતાનું નામ (આવક) | રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૦૧ | દૂધતથાદૂધપ્રોડકટવેચાણઆવક(લોકલતથાફેડરેશન) | ૫૦૪૮૭.૧૬ |
| ૦૨ | દૂધ સિવાય અન્ય વેચાણ આવક | ૨૬૦.૦૦ |
| ૦૩ | અન્ય આવક | ૧૮૦.૦૦ |
| ૦૪ | વ્યાજ આવક | ૩૦.૦૦ |
| | કુલ આવકઃ- | ૫૦૯૫૭.૧૬ |

| ક્રમ | ખાતાનું નામ (ખર્ચ) | રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૦૧ | દૂધ ખરીદી (કાચા માલની ખરીદી) | ૪૪૭૦૩.૦૦ |
| ૦૨ | અન્ય ખરીદી | ૨૪૦.૦૦ |
| ૦૩ | અન્ય ટ્રાન્સપોર્ટ અને હેડલોડ ખર્ચ | ૨૪૦૦.૦૦ |
| ૦૪ | પ્રોસેસીંગ ખર્ચ | ૨૫૦.૦૦ |
| ૦૫ | પ્રોસેસીંગ લેબર ખર્ચ | ૪૦૦.૦૦ |
| ૦૬ | પેકેજીંગ ખર્ચ | ૩૮૦.૦૦ |
| ૦૭ | બી.એમ.સી. ખર્ચ | ૫૫.૦૦ |
| ૦૮ | વિજળી,પાણી,બળતણ ખર્ચ | ૫૦૦.૦૦ |
| ૦૯ | સ્ટાફ પગાર તથા અન્ય સવલતો | ૫૦૦.૦૦ |
| ૧૦ | કોમ્પ્યુટર મરામત અને નિભાવ ખર્ચ | ૩૦.૦૦ |
| ૧૧ | માર્કેટીંગ એકસ્પાન્શન તથા વેચાણ કમીશન | ૫.૦૦ |
| ૧૨ | તાર,ટપાલ,ટેલિફોન,સ્ટેશનરી ખર્ચ | ૩૦.૦૦ |
| ૧૩ | વિમા પ્રીમીયમ | ૮.૦૦ |
| ૧૪ | ભાડા તથા વેરાઓ | ૪૨.૦૦ |
| ૧૫ | વહીવટી ખર્ચ | ૫૫.૦૦ |
| ૧૬ | જાહેરાત ખર્ચ | ૫.૦૦ |
| ૧૭ | અન્વેષણ તથા અન્ય પ્રોફેશનલ અને ટેકનીકલ ફી | ૨૫.૦૦ |
| ૧૮ | વેટરનરી ખર્ચ | ૩૦.૦૦ |
| ૧૯ | વ્યાજ તથા બેન્ક કમીશન | ૩૦૦.૦૦ |
| ૨૦ | કો-ઓપરેટીવ ડેવલમેન્ટ એકસ.એન્ડ એકસેન્શન ખર્ચ | ૧૦.૦૦ |
| ૨૧ | પ્લાન્ટ મશીનરી મેઇનટેનન્સ | ૧૩૦.૦૦ |
| ૨૨ | મિલ્ક ડે સેલીબ્રિશન | ૩.૦૦ |
| ૨૩ | ટ્રાવેલીંગ | ૩૫.૦૦ |
| ૨૪ | ઘસારો | ૬૫૦.૦૦ |
| | કુલ ખર્ચ (રૂા.લાખમાં) | ૫૦૭૮૬.૦૦ |
| | અંદાજીત નફો | ૧૭૧.૧૬ |

| | મૂડી ખર્ચ | રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | મશીનરી | ૫૫.૦૦ |
| ૨ | મકાન બાંધકામ અને રીનોવેશન | ૨૫.૦૦ |
| ૩ | ચીલીંગ સેન્ટર અને બી.એમ.સી. અપગ્રેડેશન | ૧૦.૦૦ |
| ૪ | વાહન ખરીદી | ૩૦.૦૦ |
| ૫ | કોમ્પ્યુટર/નેટવકીંગ અને સી.સી.કેમેરા | ૧૦.૦૦ |
| ૬ | ફર્નીચર,ફીકચર અને ઇન્ટીરીયર | ૧૦.૦૦ |
| ૭ | લેબ ઇકવીપમેન્ટ | ૧૦.૦૦ |
| ૮ | સોલાર રૂફ-ટોફ કુતિયાણા પેકીંગ પ્લાન્ટ | ૧૩૦.૦૦ |

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી- પોરબંદર


### મિલકત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક વર્ષ : ૨૦૨૦-૨૧

| અ. નં. | વિગત | ટકાવારી | શરૂઆતની બાકી | વર્ષ દરમ્યાન વધારો | | વર્ષ દરમ્યાન ઘટાડો | ચાલુ વર્ષ નો ઘસારો | બંધ બાકી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૮૦ દિવસ પહેલા | ૧૮૦ દિવસ પછી | | | |
| ૧. | જમીન | ૦% | ૧૩,૩૬,૪૧,૯૦૬.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩,૩૬,૪૧,૯૦૬.૦૦ |
| ૨. | પ્લાન્ટ અને બીલ્ડીંગ | ૧૦% | ૧૧,૧૪,૮૮,૯૦૫.૦૪ | ૧,૨૫,૦૫૦.૦૦ | ૨૮,૭૦,૬૭૨.૫૨ | ૦.૦૦ | ૧,૦૮,૨૪,૮૫૫.૮૪ | ૧૦,૩૬,૫૯,૭૭૧.૭૨ |
| ૩. | મશીનરી અને સાધનો | ૧૫% | ૪૪,૨૭,૦૨,૪૪૨.૮૦ | ૩૯,૬૨,૧૫૪.૦૪ | ૫૨,૧૨,૮૨૭.૦૦ | ૨૫,૯૬,૦૦૦.૦૦ | ૫,૯૩,૫૧,૯૪૩.૨૨ | ૩૮,૯૯,૨૯,૪૮૦.૬૨ |
| ૪. | ઈકવીપમુન્ટ | ૧૫% | ૨૯,૮૪,૭૮૯.૭૬ | ૬૬,૪૦૦.૦૦ | ૫,૮૮,૫૫૨.૦૬ | ૦.૦૦ | ૫,૦૧,૮૧૯.૮૮ | ૩૧,૩૭,૯૨૧.૯૪ |
| ૫. | ફર્નિચર અને ફીકસચર | ૧૦% | ૭૨,૭૯,૭૧૬.૩૫ | ૧૨,૭૦,૨૯૭.૦૨ | ૧૪,૧૮,૦૭૯.૪૬ | ૦.૦૦ | ૯,૯૪,૩૯૮.૦૩ | ૮૯,૭૩,૬૯૪.૮૦ |
| ૬. | ઈલેક્ટ્રીકલ ફીકસચર | ૧૦% | ૬,૫૪,૩૮૮.૩૮ | ૦.૦૦ | ૫,૪૩૭.૪૪ | ૦.૦૦ | ૨૦,૪૪૧.૮૩ | ૬,૩૯,૩૮૩.૯૯ |
| ૭. | વાહનો | ૧૫% | ૩૦,૦૨,૬૩૨.૬૯ | ૩૭,૨૮,૩૫૬.૦૦ | ૦.૦૦ | ૩૦,૯૬,૬૬૩.૯૧ | ૮,૨૫,૩૭૫.૬૯ | ૪૬,૭૭,૧૨૮.૯૧ |
| ૮. | કોમ્પ્યુટર અને એસેસરીઝ | ૪૦% | ૩,૨૩,૭૦,૭૬૩.૮૯ | ૯૬,૩૯૯.૯૮ | ૧,૫૬,૪૦૯.૯૬ | ૦.૦૦ | ૩૦,૦૬,૭૧૮.૬૧ | ૨,૯૬,૧૬,૮૫૫.૨૨ |
| | કુલ સરવાળો | | ૭૩,૪૧,૨૫,૫૪૪.૯૧ | ૯૨,૪૮,૬૫૭.૦૪ | ૧,૦૨,૫૧,૯૭૮.૪૪ | ૫૬,૯૨,૬૬૩.૯૧ | ૭,૫૫,૨૫,૫૫૩.૧૦ | ૬૭,૪૨,૭૬,૧૪૩.૨૦ |

ટુક સમય માંજ સુદામા ડેરી સ્વીટસ શરૂ કરી રહયા છે.

# SUDAMA

## Dairy Sweets



પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ


સુદામા ડેરી

પોરબંદર

















## મહત્વની હિસાબી નીતીઓ, હિસાબો અને આકસ્મિક જવાબદારીઓ પરની નોંધ : સને ૨૦૨૦-૨૧

(અ) મહત્વની લાગુ પાડવામાં આવેલ હિસાબી નોંધ તથા હિસાબી નોંધને લગતી નીતિઓ નીચે પ્રમાણે છે.

૧. હિસાબી પ્રણાલી : નાણાંકીય હિસાબો ઐતિહાસીક પ્રણાલી મુજબ એકુઅલના ધોરણે સામાન્ય રીતે સ્વીકારાયેલ હિસાબો સિધ્ધાંતો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

૨. આવકની હિસાબી નોંધ : આવકની હિસાબી નોંધ સંઘને થનાર આર્થિક ફાયદો અને આવકની ગણતરી ચોકક્સ રીતે થઇ શકે તે મુજબ વેચાણની હિસાબી નોંધ માલના હસ્તાન્તરણના આધારે કરેલ છે. તમામ આવક અને ખર્ચની નોંધણી એકુઅલના ધોરણે કરવામાં આવે છે.

૩. સ્થાવર/જંગમ મિલકતો : મિલકતોનું મૂલ્યાંકન ખરીદ કિંમતના આધારે કરવામાં આવેલ છે. મિલકતોની કિંમતમાં ખરીદ કિંમત, વ્યાજ અને બીજા સીધા ખર્ચાઓ કે જે મિલકતને ઉપયોગમાં લેવા માટે કરવામાં આવ્યા હોય તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્થાવર મિલકતો ને હિસાબી ચોપડે તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. સ્થાવર મિલકતોને લગતા ઘસારાને સ્થાવર મિલકતોમાંથી ન ઘટાડી તેને ઘસારા ફંડ ખાતે દર્શાવેલ છે. સ્થાવર મિલકતો પૈકીની જે રાષ્ટ્રિય કિશાન વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ખરીદેલ છે તેના પરના ઘસારાની ગણતરી કરવામાં આવી નથી. ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ મિલકતને તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. ગ્રાન્ટની રકમને જરૂરી મંજૂરી મળ્યા પછી મિલકતની ખરીદ કિંમતમાંથી બાદ કરવામાં આવશે.

૪. રોકાણો : રોકાણો લાંબાગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે. સંઘના બધાજ રોકાણો શિડયુલ્ડ બેંક સાથે કરેલ છે.

૫. ચીજ વસ્તુઓની નોંધ :
અ. સ્ટોર્સ અને સ્પેર્સનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.
બ. વેપારી માલ સ્ટોક અને લુઝ સ્ટોકનું મૂલ્યાંકન તેની પડતર કિંમત અથવા અંદાજીત મળવાપાત્ર કિંમત, જે ઓછી હોય તેના ધોરણે કરેલ છે. પડતર કિંમત મેળવવા સ્ટોકની છેલ્લી ખરીદ પડતર કિંમત ધ્યાન પર લીધેલ છે.

૬. જોગવાઇ ન કરેલ સંભવિત/આકસ્મિક જવાબદારીઓ (અંદાજીત) :
અ. સંઘે કોઇ પણ બેંક ગેરેંટીઓ અથવા લેટર્સ ઓફ ક્રેડીટ આપેલ નથી.

૭. આવકની જોગવાઇઓ :

અ. નાંણાકીય વર્ષમાં આવકવેરાની જોગવાઇ આવકવેરાના કાયદા મુજબ ના હોઇ કરવામાં આવેલ નથી.
બ. વિલંબિત આવકવેરો કે જે હિસાબી નફો અને કરપાત્ર નફા વચ્ચેના કામચલાઉ સમય તફાવતના કારણે ઉદભવે છે. તે સરવૈયાની તારીખે પ્રવર્તમાન કરના દર અને કાયદાને ધ્યાનમાં લઇને નોંધવામાં આવે છે. વિલંબિત આવક વેરા મિલકત ત્યારે જ નોંધવામાં આને આગળ લઇ જવામાં આવેલ છે. જયારે ભવિષ્યમાં તે મિલકત ઉપલબ્ધ થશે તેની વ્યાજબી અથવા વાસ્તવિક ખાત્રી છે. એકાઉન્ટીગ સ્ટાડર્ડ-૨૨ મુજબ છે. આવી કોઇ મિલકત કે જવાબદારી ઉભી થવાની વ્યાજબી કે વાસ્તવિક ખાત્રી નો હોવાથી તેની જોગવાઇ કરી નથી.

૮. મિલકતો માટે મળેલી ગ્રાન્ટની રકમને મિલકતોની પડતર કિંમતમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. પરંતુ હાલના હિસાબી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી ગ્રાન્ટની કોઇ રકમ મિલકતની પડતર કિંમતમાંથી બાદ કરવામાં આવી નથી. આ માટેની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ અને ઉપયોગનું અન્વેષણ થયા બાદ તેને મિલકતની પડતર કિંમતમાંથી બાદ કવામાં આવશે. સંઘને આવકને લગતી કોઇ ગ્રાન્ટ કે સબસીડી મળી નથી.

૯. દેવા અને લેણાંની બાકી તેમની ખરાઇ ને આધીન છે.

૧૦. પાછળના વર્ષના આંકડાઓમાં જયા જરૂરિયાત જણાય ત્યાં રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

(બ) ઈન્સ્ટીયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટટન્સ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત એકાઉન્ટીંગ સંઘે નીચે પ્રમાણે અમલમાં મુકેલ છે.

૧. વર્ષ દરમિયાન સંઘે મિલકત ઉપર ગણવામાં આવતા ઘસારાની જોગવાઈ એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ-૬ ને અનુરૂપ કરેલ છે. અને તે પ્રમાણે વર્ષ ૨૦૨૦-૨૧ માટેના દરે ઘટતી જતી બાકીની પધ્ધતિએ ઘસારાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. ઘસારાની રકમ મિલકત પડતર કિંમત અથવા ઘટતી જતી બાકી કિંમતમાંથી બાદ ન કરતા, ઘસારા ફંડ ખાતે દર્શાવવામાં આવેલ છે.

જે મિલકત મળેલ ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ છે. તેના પર ઘસારો ગણવામાં આવેલ નથી. ઘટતી જતી બાકીની પધ્ધતિઓ ઘસારાની ગણતરી કરવા માટે ઘસારાના દર આવક વેરા અધિનિયમ હેઠળના દરોનો ઉપયોગ કરેલ છે.

૨. સંઘ નફા-નુકશાન ખાતું તથા સરવૈયા બનાવેલ છે. જેની સંઘના પ્રમાણિત ઓડિટર દ્વારા ચકાસણી થઇ છે અને નિયામક મંડળ તથા પ્રમાણિત ઓડિટર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

૩. સંઘના સંબંધિત પાર્ટીઓ સાથેના વ્યવહારોની વિગત નીચે પ્રમાણે છે.
(અ) ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.

| | |
|---|---|
| દૂધ વેચાણ | : રૂા.૪૮૮,૬૪,૪૧,૯૧૯/- |
| અમુલ દાણ અને મીનરલ મીક્ષચર ખરીદી | : રૂા. ૬૦,૨૫,૬૦૫/- |
| એસ.એમ.પી. પાવડર અને સ્કીમ મિલ્કની ખરીદી | : રૂા. ૨,૯૪,૩૬,૭૫૦/- |

૪. સંઘ દ્વારા સંભવિત જવાબદારીઓનું જ્યા જરૂર લાગેલ છે. ત્યા પ્રોવિઝન કરવામાં આવેલ છે.

૫. સંઘ દ્વારા માઇક્રો,સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલોપમેન્ટ એકટ ૨૦૦૬ પ્રમાણે કોઈપણ સપ્લાયરને મોડી રકમ ચુકવવાની થઇ નથી અને તેમને વ્યાજ ચૂકવવાનું થયું નથી.

૬. રોકડ પ્રવાહ પત્રક (કેશ ફલો સ્ટેટમેન્ટ) :
રોકડ પ્રવાહ પત્રક (કેશ ફલો સ્ટેટમેન્ટ) ''એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ-૩ કેશ ફલો સ્ટેટમેન્ટ'' માં ''પરોક્ષ પધ્ધતિ'' મુજબ તૈયાર કરેલ છે. અને તે સંઘની સામાન્ય પ્રવૃતિઓમાંથી થતો રોકડ પ્રવાહ દર્શાવે છે. નાંણાકીય પત્રકોમાં દર્શાવેલ રોકડ અને રોકડ સમકક્ષમાં હાથ પરની રોકડ તથા બેંક થાપણોનો સમાવેશ થાય છે.

૭. સેગમેન્ટ રીપોર્ટીંગ :
સંઘ દૂધ અને દાણ વેચાણની કામગીરી કરે છે જે જૂદા જૂદા ધંધાકીય જોખમ કે વળતરને આધિન નથી અને તેથી એકજ પ્રકારની ધંધાકીય પ્રવૃતિ કરે છે. તેમ ગણવામાં આવેલ છે.

૮. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના અંતે કરવામાં આવેલ ફેર તપાસણીના આધારે જાણવા મળેલ છે કેકોઇ મિલકતમાં કોઇ ક્ષતી થવા પામેલ નથી. જેથી આવી કોઇ જોગવાઇ હિસાબમાં કરેલ નથી.

સ્થળ : પોરબંદર
તારીખ : ૩૧/૦૭/૨૦૨૧


ભરતભાઇ ઓડેદરા
ચેરમેનશ્રી

ડો. ભરત પુછડીયા
ઈન્ચાર્જ મેનેજીંગ ડારેકટર

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

સુદામા ડેરી

પોરબંદર



:: ઓડીટર ::

**શ્રી એમ. એસ. લોખંડે**

**સ્પેશ્યલ ઓડીટર, વર્ગ-૧ મિલ્ક ઓડીટ ઓફીસ મહેસાણા**

**એચ.જે.રૈયાણી એન્ડ કંપની પાર્ટનર**

**સી.એ.હેમલ જયપ્રકાશ રૈયાણી**

**પેઢી નં.૦૧૨૪૯૬૩W, મેમ્બરશીપ નંબર ૧૧૬૬૨૦, પેનલ નંબર - ૩૮૧**

:: બેંકર્સ ::

- ધી જુનાગઢ જિ.સહ.બેંક લી. - આઇ.ડી.બી.આઇ. બેંક
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા - એચ.ડી.એફ.સી બેંક